ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૭/૨૦–૨૧/ 4068 તારીખ: 25 NOV 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી હડીયા જેઠાભાઈ મગનભાઈ,**
**ધોકાધાર વિસ્તાર,**
**મું.કીકરીયા,**
**તા.મહુવા,**
**જી. ભાવનગર.**
**મો.નં. ૯૭૧૪૬ ૩૯૧૧૮.**

કેસ નં.૨૭/૨૦–૨૧

**વિષય : વિજ બિલ માં કાઢેલ ઓડિટ રીકવરી રદ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૮/૮/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૦/૮/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૭/૨૦–૨૧/૨૭૪૯ તા.૧૩/૮/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૭/૨૦–૨૧/૩૭૬૧ તા.૨૯/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૦/૧૧/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧)શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, **મહુવા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર –૨૭/૨૦–૨૧** ☜

વાદી :– **શ્રી હડીયા જેઠાભાઈ મગનભાઈ,**

◇ **વિરૂધ્ધ** ◇

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૧૦/૧૧/૨૦૨૦** ◈

હાજર રહયા :– **શ્રી હડીયા જેઠાભાઈ મગનભાઈ – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી હડીયા જેઠાભાઈ મગનભાઈ, મું.કીકરીયા, તા.મહુવા, જી.ભાવનગરની વિજ બિલ માં કાઢેલ ઓડિટ રીકવરી રદ કરવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૭/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૭/૨૦–૨૧/૨૭૪૯ તા.૧૩/૮/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૦/૧૧/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી હડીયા જેઠાભાઈ મગનભાઈ હાજર રહેલ અને પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો, ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના કીકરીયા ગામ માં અમારી ખેતીવાડી આવેલ છે. અમારી પીજીવીસીએલ કચેરી મહુવા રૂરલ–૧ છે. અમારે ૨૦ એચ.પી નું વિજ કનેકશન ચાલે છે. મે–જુન–૨૦૨૦ નું તા.૭/૭/૨૦૨૦ ના રોજ વિજ બિલ આવેલ. તેમાં, રૂા.૨૩૬૧૦/૮૭ બાકી નાણાં આવેલ. તેથી અમે અમારી વિજ કચેરી માં તા.૮/૭/૨૦૨૦ ના રોજ લેખિત અરજી આપેલ કે, ઓડિટવાળાએ બાકી નાણાં કાઢેલ તેની વિગત સાથે કયા વર્ષ ના ? કેટલા મહીના ના ? કઈ સાલના બાકી કાઢેલ છે. કચેરી દ્વારા અરજી લેવામાં આવે છે. જવાબ આપવાનો નિયમ નથી. ગમે તેવા ખોટા જવાબ આપી છટકી જતા હોય છે. પી.આર.ટી. ની કોપી આપેલ જેની વિગત ની માંગણી કરેલ તે આપેલ નથી. ઓડિટ વાળાને કોણે સતા આપી છે ? કયા ગેજેટમાં લખેલ છે કે કંપની ના પરિપત્રમાં કયા લખેલ છે કે ચાર વર્ષ ના પહેલાના નાણાં મીટર ના રીડીગ ફરેલ નથી, તેના નાણાં ભરવા

પડે. ઉપલી કચેરીમાંથી ઓડિટવાળા આવે તેને કોઈ જવાબદાર કહેવાવાળું નથી, આવા ખોટા નાણાં બાકી કાઢે ને અધિકારી બેઠા બેઠા તમાશો જોયા કરે તે વ્યાજબી નથી.

કંપની સાથે અને ગ્રાહક સાથે છેતરપીડી થાય છે. દરેક કંપની ના અધિકારી કે કર્મચારી કંપની ના નોકર છે. ગ્રાહક નોકર નથી તેથી, ગ્રાહકને ઠપકો આપવો નહી. કંપની ના નિયમ મુજબ કામ કરાવો. કંપની ના નિયમ વિરૂધ્ધ કામ કરાવવું નહી. અમને આપેલ ચાર વર્ષ પહેલાના નાણાં રદ કરવા હુકમ કરવા વિનંતી છે. કુવા બોરમાં બાર મહિના પાણી હોતું નથી. વિજ વપરાશ થાય નહી બંધ વપરાશ ના ખોટા નાણાં લેવાનો નિયમ નથી. છતાં, અમે કંપનીએ નકકી કરેલ દરેક રનીગ વિજ બિલ માં ફીકસ ચાર્જ લેવામાં આવે છે તે અમે ભરીએ છીએ. કંપની ના નિયમ મુજબ પોલ થાંભલા થી મીટર સુધી પાવર આપવો તે કંપની ની જવાબદારી છે છતાં, સર્વિસ વાયર બળી જાય તો આડેધડ સર્વિસ વાયર બદલવા ચાર્જ લેવામાં આવે છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ અરજદાર નું નામ – શ્રી હડીયા જેઠાભાઈ મગનભાઈ,

ગ્રાહકનું નામ – મગનભાઈ બધાભાઈ

ગ્રાહક નં – ૩૭૦૬૧/૦૫૦૩૯/૦

કેટેગરી – A2

લોડ – ૨૦ હો.પા.

કનેકશન રીલીઝ – તા.૦૬/૧૧/૨૦૦૯

૨.૨ વાદી ને તા.૦૬/૧૧/૨૦૦૯ થી A2 કેટેગરી નું વિજ કનેકશન રીલીઝ કરવામાં આવેલ હતું. જેનો મીટર નં–૩૦૯૨૬ હતો. ત્યારબાદ, વાદીને માહે સપ્ટેમ્બર–ઓકટોબર બિલ્ડ ઈન નવે–૧૫ થી લઈને જુલાઈ–ઓગષ્ટ બિલ્ડ ઈન સપ્ટે–૧૬ સુધી કુલ – ૬ '' F '' ના બિલ આપેલ. ત્યારબાદ, તે મીટર તા.૨૭/૧૦/૨૦૧૬ ના રોજ મીટર ચેઈન્જ કરવામાં આવેલ અને નવું મીટર નં–૨૭૦૯૨૪ લગાવવામાં આવેલ. ત્યારબાદ, ૩ ફેઈઝ મીટર રજીસ્ટર મુજબ સદર મીટરનું લેબ પરીક્ષણ તા.૨૪/૧૧/૨૦૧૬ ના રોજ મીટર લેબમાં ખોલવામાં આવેલ અને જે લેબ પરીક્ષણ મુજબ મીટર ડીફેકટીવ માલૂમ પડેલ. ( ૩ ફેઈઝ મીટર રજીસ્ટર ની કોપી જેની નકલ આ સાથે સામેલ છે.)

૨.૩ ત્યારબાદ, વાદીને માહે નવે–ડિસે બિલ્ડ ઈન જાન્યુ–૧૭ થી લઈને નવેમ્બર–ડિસેમ્બર બિલ્ડ ઈન જાન્યુઆરી–૧૮ સુધીના કુલ – ૭ બિલ '' ૦ '' યુનિટ ના બિલ આપવામાં આવેલ હતા.

૨.૪ વાદીનું ખેતીવાડી વિજ કનેકશન પ્રફોર્મા–૧૫ નં–૭૫૬૫૬ તા.૭/૧૧/૨૦૧૭ થી બીજીવાર મીટર નં–૨૭૦૯૨૪ બદલવામાં આવેલ અને તેની જગ્યાએ નવો મીટર નં–૨૮૬૭૯૨ લગાવવામાં આવેલ. (જેની નકલ આ સાથે સામેલ છે.) જેની મીટર ચેઈન્જ ની એન્ટ્રી એલ.ટી.બિલીગમાં આવેલ નથી. જે મીટર તા.૭/૪/૨૦૧૮ ના રોજ મહુવા લેબોરેટરીમાં સદર વિજ મીટર નું લેબ પરીક્ષણ કરેલ.( જેની નકલ આ સાથે સામેલ છે.)

૨.૫ સદર લેબ પરીક્ષણમાં મીટર બળી ગયેલ દર્શાવેલ છે અને રીડીગ અવાચ્ય દર્શાવે છે. ત્યારબાદ, વાદીનું ફ વાર પ્રફોર્મા–૧૫ નં–૨૩૮૮ તા.૩૦/૯/૨૦૨૦ ના રોજ મીટર બદલવામાં આવેલ. જેનો જુનો મીટર નં–૨૮૬૭૯૨ છે અને નવો મીટર નં–૩૫૫૨૦૬ છે. સદર મીટર નો લેબ પરીક્ષણ તા.૯/૧૧/૨૦૨૦ ના રોજ ગ્રાહકની હાજરીમાં લેબ પરીક્ષણ કરેલ છે. પરંતુ, ગ્રાહકે સહી કરવાની ના પાડેલ છે. સદર લેબ પરીક્ષણમાં મીટર ફોલ્ટી માલૂમ પડેલ છે. અને રીડીગ ૪૩૫૧૪ આવેલ છે. જેની મીટર ચેઈન્જ ની એન્ટ્રી એલ.ટી.બિલીગમાં આવેલ નથી. (પ્રફોર્મા–૧૫ અને લેબ રીપોર્ટ ની કોપી સામેલ છે.)

૨.૬ જેથી, સપ્લાય કોડ મુજબ બંધ/બળેલા મીટર કેસમાં મીટર ખામીયુકત જણાય/જણાવાય તે તારીખથી તરત અગાઉના છેલ્લા ત્રણ બિલીગ અવધિ ના સરેરાશ વપરાશ ના બિલોને આધારે ગ્રાહક ને બિલ આપવું. પૂરતી વિગત પ્રાપ્ય ના હોય તો તે પછીની મુદત ના બે/ત્રણ બિલની અવધિ દરમ્યાન થયેલ સરેરાશ વપરાશ ગણતરીમાં લઈ બિલ આપવું.

૨.૭ જે મુજબ સર્કલ ઓફીસ, ભાવનગર ની ઓડિટ ટીમ દ્વારા વર્ષ–૨૦૧૭–૧૮ નું ઓડિટ તા.૩/૭/૨૦૧૯ થી તા.૧૨/૭/૨૦૧૯ દરમ્યાન કરવામાં આવેલ અને તેમના ઓડિટ રીપોર્ટ પત્ર નં–BVNC/IA&I/3592 dtd.03.08.2019 ના પારા નં–૧.૫ મુજબ બંધ/બળેલા મીટર ની ઓડિટ રીકવરી કાઢવામાં આવેલ.

૨.૮ અને તે મુજબ ત્રણ બિલીગ ની ૪૦૦૦.ની સરેરાશ ગણી વાદીના જે વર્ષ –૨૦૧૭ માં જે ૭ વખત ઝીરો યુનિટ ના બિલ આપવામાં આવેલ હતા તે મુજબ ૨૮૦૦૦ યુનિટ ની ઓડિટ પારા મુજબ વાદીના લેઝરમાં તા.૨૦/૪/૨૦૨૦ ના રોજ થી રૂા.૨૨,૪૦૦/– ની ડેબિટ ભરવામાં આવેલ છે.

૨.૯ તેમજ વધુમાં સપ્લાય કોડ –૪/૨૦૧૫ ના સેકશન–૮ ના કલોઝ નં–૬.૮૪ મુજબ કોઈપણ ગ્રાહક પાસે ચૂકવણીમાં કસૂરને કારણે બાકી નીકળતી રકમ, આવી રકમ પ્રથમ બાકી નીકળે તે તારીખથી ૨ વર્ષ ની મુદત પછી વસૂલાતપાત્ર થશે નહી. એટલે કે, અત્રેની કચેરીને સદર રીકવરી ની પ્રથમ જાણ તા.૩/૮/૨૦૧૯ ના ઓડિટ રીપોર્ટ ના આધારે થયેલ છે અને તેને હજી ૨ વર્ષ થયેલ નથી.(જેની નકલ આ સાથે સામેલ છે.)

૨.૧૦ મીટર રીડરો દ્વારા વાદીને નવેમ્બર–ડિસેમ્બર બિલ્ડ ઈન જાન્યુઆરી–૨૦૧૭ થી લઈને નવેમ્બર–ડિસેમ્બર બિલ્ડ ઈન જાન્યુઆરી–૨૦૧૮ સુધીમાં '' ૦ '' યૂનિટ ના બિલ આપવામાં આવેલ હતા. જેના પરિણામે, ૨૮૦૦૦ યુનિટ નું એકી સાથે બિલ આપવામાં આવેલ છે, જે બાબતે મહુવા રૂરલ–૧ સબ ડિવિઝન ના તમામ મીટરરીડરો ના ખુલાસા પૂછવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે.

૨.૧૧ તેમજ વધુમાં સદર ગ્રાહકની સ્થળ મુલાકાત લીધેલ છે અને જેનું સ્થળ રોજકામ આ સાથે સામેલ છે. આમ, વાદીને આપવામાં આવેલ બિલ યોગ્ય છે જે ભરવાપાત્ર છે.

Redressal Forum ... C.L. ... nagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર હડીયા જેઠાભાઈ મગનભાઈ ગામ–કીકરીયા, તા.મહુવામાં ૨૦ HP નો A2 ટેરીફ કેટેગરી હેઠળ ગ્રાહક નં–૩૭૦૬૧/૦૫૦૩૯/૦ થી ખેતીવાડી વિજ જોડાણ ધરાવે છે.

૩.૨ વાદી અરજદારે ને પ્રતિવાદી એ તા.૭/૭/૨૦૨૦ ના રોજ આપેલ વિજ બિલ માં રૂા.૨૩૬૧૦/૮૭ બાકી નાણાં બતાવેલ છે. આથી, વાદી એ પ્રતિવાદી ની કચેરીમાં રજૂઆત કરેલ. પરંતુ, યોગ્ય જવાબ નહી મળવાથી, વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૩ પ્રતિવાદી એ વાદીના ખેતીવાડી વિજ જોડાણ ના ૩ ફેઈઝ મીટર બદલવા અંગેની માહિતી, મીટરનો લેબ પરીક્ષણ રીપોર્ટ, વાદીના ૨૦૧૪ ના વર્ષ થી ૨૦૨૦ ના વર્ષ સુધી વિજ વપરાશ નો ડેટા ફોરમને રજૂ કરેલ છે.

૩.૪ વાદીના વિજ સ્થાપન પર નો મીટર નં–૨૭૦૯૨૪ તા.૧૭/૧૧/૨૦૧૭ ના રોજ પ્રતિવાદીએ બદલાવી અને નવું મીટર નં–૨૮૬૭૯૨ મૂકેલ, વાદીના જુના મીટરમાં લેબ પરીક્ષણમાં તા.૭/૪/૨૦૧૮ ના રોજ ડિસ્પ્લે ઓફ જણાયેલ.

૩.૫ તા.૭/૧૧/૨૦૧૭ ના રોજ વાદીના વિજ સ્થાપન પર નું મીટર બદલાવ્યા બાદ, પ્રતિવાદીએ વાદી ને નવે–ડિસે–૨૦૧૬ બિલ્ડ ઈન જાન્યુ–૧૭ થી નવે–ડિસે–૨૦૧૭ બિલ્ડ ઈન જાન્યુ–૧૮ દરમ્યાન ૭ દ્વી માસિક બિલ ‘‘ ૦ ’’ યૂનિટ ના આપેલ છે. તેના કારણમાં પ્રતિવાદી જણાવે છે કે, મીટર ચેઈન્જની એન્ટ્રી ન લીધેલ હોવાથી, મીટર રીડરે ‘‘ ૦ ’’ યૂનિટ ના બિલ બનાવેલ છે.

૩.૬ વાદીના જાન્યુ–ફેબ્રુ–૨૦૧૮ બિલ્ડ ઈન માર્ચ–૨૦૧૮ ના વિજબિલ માં ૫૨૬૪ રીડીગ ની નોંધ કરી, પ્રતિવાદી એ વાદીને ૪૯૯૩ યુનિટ ની વપરાશનું વિજબિલ આપેલ છે. તે જ રીતે માર્ચ–એપ્રિલ–૨૦૧૮ બિલ્ડ ઈન મે–૨૦૧૮ માં ૭૧૫૦ યુનિટ ની વપરાશ, મે–જુન–૨૦૧૮ બિલ્ડ ઈન જુલાઈ–૨૦૧૮ માં ૧૧૪૫ યુનિટ ની વપરાશ અને ત્યારબાદ, ૧૨૫૦, ૮૦૦ અને ૧૩૭૮૦ યુનિટ ની વપરાશ ના દ્વી માસીક વિજ બિલ નિયમીત પણે વાદીને આપેલ છે.

૩.૭ પેરા નં–૩.૬ મુજબ પ્રતિવાદીએ વાદીને જાન્યુઆરી–૨૦૧૭ થી ૨૦૧૮ દરમ્યાન,૭ દ્વી માસિક બિલ માં ‘‘ ૦ ’’ યુનિટ ના બિલ આપેલ છે. તે દરમ્યાન, વાદી નું મીટર નું સ્ટેટસ ‘‘ F ’’ નથી એટલે કે, ચાલુ સ્થિતિમાં હતું. પરંતુ, પ્રતિવાદીએ વાદીના મીટર ના રીડીગ લીધેલ ન હોવાથી, વાદીને‘‘ ૦ ’’ યુનિટ ના બિલ અપાયેલ છે. ત્યારબાદ, વાદીને મીટરમાં નોંધાયેલ વિજ વપરાશનું બિલ જાન્યુ–ફેબ્રુ–૨૦૧૮ બિલ્ડ ઈન માર્ચ–૨૦૧૮ માં અપાયેલ છે. આથી, પ્રતિવાદી એ વાદીને ૪૦૦૦ એવરેજ યુનિટ ના એમ કુલ – ૭ બિલ ની ગણતરી કરી, કુલ–૨૮૦૦૦ યુનિટ ના અપાયેલ બિલ યોગ્ય નથી. કારણ કે, મીટર ફોલ્ટી ન હતું. આથી, વાદીને અપાયેલ ૨૮૦૦૦ યુનિટ વિજ વપરાશ નું બિલ પ્રતિવાદીએ ખોટું આપેલ છે. જે રદ કરવાને પાત્ર છે.

૩.૮ આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ વાદીને આપેલ ૨૮૦૦૦ યુનિટ ના ૭ માસના એવરેજ બિલ રદ કરવા અને તેની રકમ વાદી ના ખાતામાં જમા આપવી.

## -:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી '' તારણ નં-૩.૮ '' મુજબ હુકમ કરવામાં આવે છે**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે. એમ. મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. અજાકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર. વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :- ૧૦/૧૧/૨૦૨૦.

Consumer Grievances Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.